# નંબર વન પોટેટો ચિપ્સ લેઝ ગ્રાહકોને તક આપે છે તેમને મનગમતી ફ્લેવર નક્કી કરવાની

## ગીવ અસ યોર ડિલિશિયસ ફ્લેવર કેમ્પેઇનના વિજેતા ગ્રાહકને રૂ. ૫૦ લાખનું ઈનામ




વિશ્વ અને ભારતની નંબર વન પોટેટો ચિપ્સ લેઝએ આજે ગીવ અસ યોર ડિલિશિયસ ફ્લેવર કેમ્પેઇનની જાહેરાત કરી હતી. ગીવ અસ યોર ડિલિશિયસ ફ્લેવર અનોખો ગ્રાહકલક્ષી પ્રોગ્રામ છે, જેનો હેતુ લેઝને ભારતીય ગ્રાહક પાસેથી તેની આગામી પોટેટો ચિપ્સ ફ્લેવર મેળવવાનો છે. આ કેમ્પેઇન ગ્રાહકને લેઝમાં તેની પસંદગીની ફ્લેવર મેળવવા સહભાગી બનવાની અને પૈસાદાર બનવાની તક આપશે. વિજેતા ગ્રાહકને રૂ. ૫૦ લાખ ઉપરાંત નવી ફ્લેવરના વેચાણના ટર્નઓવરમાંથી એક ટકા રકમ આપવામાં આવશે. આ ફ્લેવર મે ૨૦૧૦ના અંતમાં બજારમાં લોંચ કરવામાં આવશે.

વિજેતાની પસંદગી પ્રતિષ્ઠિત હસ્તીઓ દ્વારા કરવામાં આવશે, જેમાં સેલિબ્રીટી શેફ અને એનડીટીવી ગુડ ટાઇમ્સના એન્કર આદિત્ય બાલ, લેખક અને જેડબલ્યુટીના એક્ઝિક્યુટિવ ક્રિએટિવ ડિરેક્ટર તેમજ વાઇસ પ્રેસિડેન્ટ અનુજ ચૌહાણ અને પેપ્સિકો ઇન્ડિયાના ડાયરેક્ટર (આર એન્ડ ડી) ડો ટી એસ આર મુરલીનો સમાવેશ થાય છે. કેમ્પેઇનનો પ્રારંભ કરતા પેપ્સિકો ઇન્ડિયા (ફ્રિટો-લે ઇન્ડિયા ડિવિઝન)ના માર્કેટિંગ ડાયરેક્ટર દિપિકા વોરિયરે જણાવ્યું હતું કે, "ભારતમાં સ્વાદની વૈવિધ્યતા જોતાં આ કેમ્પેઇન ચોક્કસપણે રોમાંચક સાબિત થશે. ભારતના લાખો લોકો પોતાની વ્યક્તિગત પસંદ, ટેસ્ટ અને ચોઇસ અભિવ્યક્ત કરી શકશે."

લેઝના બ્રાન્ડ એમ્બેસેડર અને બોલીવુડના અભિનેતા સૈફ અલી ખાને જણાવ્યું હતું કે, "જેવી રીતે લેઝમાં મારી પોતાની ફ્લેવર છે એવી જ રીતે, પ્રત્યેક ભારતીયની પોતાની ફેવરીટ ફ્લેવર હશે. અંગત રીતે મને પણ એ જોવાનો રોમાંચ છે કે આ કેમ્પેઇનનું પરિણામ શું આવે છે.